જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૭/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૦૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૧૩ લીટર દેશી દારૂ, ૧૦૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૯૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૮૨ બિયર ટીન, ૧ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧,૪૬,૨૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૦૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૧૦/૨૦૨૫**

નારણપુરાઃ ભરતભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિ (ઉ.વ.૪૮)(રહે.ધરતી સાંકેત આઈકોન નારણપુરા) એ તા.૦૪/૦૭/૨૦૨૫ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૭/૨૦૨૫ સાંજના ૪/૪૦ થી તા.૦૨/૦૭/૨૦૨૫ સવારના ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૮૭૭૭૬૮૩૯૩૦ ના ધારકે "અદાણી કંપનીમાથી વાત કરૂ છુ" તેમ કહી, ભરતભાઇને ખોટી ઓળખ આપી વિશ્વાસમા લઈ, ભરતભાઇના મોબાઈલમા એપ્લીકેશન ડાઉનલોડ કરાવી, ભરતભાઇના મોબાઈલનો અનઅધિકૃત રીતે એક્સેસ મેળવી લઇ, તેમના HDFC બેંક, સતાધાર બ્રાંચના ઓવર ડ્રાફ્ટ ખાતામાંથી તથા કરંટ ખાતામાંથી કુલ રૂપિયા ૨,૯૯,૮૦૭/– ભરતભાઈની જાણ બહાર ડેબીટ કરી લઇ, ભરતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૯૧૧/૨૦૨૫**

ગુજરાત યુનિવર્સીટીઃ ફાલ્ગુનભાઇ દેવેન્દ્રભાઇ ભટ્ટ (ઉ.વ.૫૨)(રહે.શ્રીનગર સોસાયટી, ગોલ્ડન ટ્રાઇંગલ સામે, સરદાર પટેલ રોડ, નવરંગપુરા) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૭/૨૦૨૫ સાંજના ૭/૩૦ થી તા.૦૪/૦૭/૨૦૨૫ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન બીનાલી કોમ્પ્લેક્ષમા ત્રીજા માળે આવેલ "આરૂશા સ્માર્ટ એનર્જી એલ.એલ.પી.પ્રા.લી" ની ઓફિસના બાથરૂમની પાછળ સાઇડની બારીનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ઓફિસમાં પ્રવેશ કરી, ઓફિસના કેશ કાઉન્ટરના ખાનામાંથી રોકડ રૂપિયા ૪૫,૦૦૦/– ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.રાતડીયા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૯૧૨/૨૦૨૫**

માધવપુરાઃ અશોકભાઈ કાનદાસ પટેલ (ઉ.વ.૬૩)(રહે.આર્યવીલા એપાર્ટમેન્ટ, ન્યુ રાણીપ, સાબરમતી) એ માધવપુરા સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૭/૨૦૨૫ બપોરના ૩/૩૦ થી ૩/૪૦ સુધીના સમયગાળા દરમ્યાન માધવપુરા માર્કેટ એ.એમ.ટી.એસ બસ સ્ટેન્ડ ખાતેથી પોતાના ઘરે જવા સારૂ ઓટોરીક્ષામાં બેઠા હતા. દરમ્યાન રીક્ષામાં બેસેલ ત્રણ અજાણ્યા પુરૂષએ ભેગામળી અશોકભાઇની નજર ચુકવી તેમના પેન્ટના પાછળના ખિસ્સામાં મુકેલ પાકીટમાંથી રોકડ રૂપિયા ૪૬,૦૦૦/– ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.ગોહિલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી